



વૈવિધ્ય

# પૂજાસ્થાન માટેની મોડર્ન ડિઝાઈન

ભારતીય ઘરોમાં પૂજાસ્થાન અનેરું મહત્ત્વ ધરાવે છે. પછી તે ઘરમાં એક રૂમ જેટલું સ્થાન લેતું હોય કે એક દીવાલ જેટલું, તે ઘરનું અભિન્ન અંગ હોય છે, સમગ્ર પરિવારની આસ્થાના પ્રતીક સમાન હોય છે. તો ચોક્કસ જ તેની ડિઝાઈન અને ડેકોરેશન પણ એટલા ખાસ અને મહત્ત્વનાં હોવાં જોઈએ. દરેક વ્યક્તિ ઈચ્છે છે કે ઘરના પૂજાસ્થાનમાં પ્રવેશ કરતાં જ શાંતિનો અનુભવ થવો જોઈએ અને એટલે જ પૂજાસ્થાનની ડિઝાઈનનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. તો ચાલો જોઈએ પૂજાસ્થાન માટેની કેટલીક મોડર્ન ડિઝાઈન....

## નાના એપાર્ટમેન્ટ માટે આધુનિક પૂજારૂમ ડિઝાઈન

મોટા ભાગના શહેરી વિસ્તારના એપાર્ટમેન્ટમાં જગ્યાનો અભાવ એક મોટી સમસ્યા છે. તેમાં પૂજા માટે એક અલગ રૂમ રાખવો મુશ્કેલ છે. તો શું ઘરમાં પૂજાસ્થાન ન બનાવાય? ચોક્કસ બનાવાય ને. જે ઘરોમાં જગ્યાનો અભાવ હોય તે લોકો લાકડાની એક કેબિનેટ પર પૂજાસ્થાન બનવી શકે છે. પૂજાની અન્ય સામગ્રી રાખવા માટે ડ્રોઅર્સવાળી કસ્ટમાઈઝડ કેબિનેટ મૂકી શકાય. જાળીવાળું બેકડ્રોપ તમારા પ્રાર્થનાસ્થાનને સુંદર બનાવવામાં મદદ કરે છે.

## ટાઈલ ડિઝાઈનવાળો મોડર્ન પૂજારૂમ

ટાઈલ ડિઝાઈન પૂજારૂમ માટે શ્રેષ્ઠ પસંદગી છે. કોઈ બોલ્ડ એબ્સટ્રેક ડિઝાઈનવાળી ટાઈલ કે પછી વાસ્તુ પ્રમાણે શ્રેષ્ઠ સફેદ રંગની ટાઈલ તમે પસંદ કરી શકો છો. ટાઈલ્સ પૂજા રૂમ માટે સૌથી સલામત સામગ્રી છે. તેની સાથે કવ લાઈટનીંગ પૂજારૂમને આકર્ષક અને મોડર્ન લુક આપે છે. તેની સાથે જો પરંપરાનો સમન્વય કરવો હોય તો સીલીંગ સાથે પિત્તળની ઘંટડીઓ અને દીવા પણ લટકાવી શકાય જે રૂમનો સંપૂર્ણ લુક બનાવવામાં મદદ કરશે.



## લીવીંગ રૂમમાં પૂજાસ્થાન માટેની ડિઝાઈન



લીવીંગ રૂમમાં એક વુડન પાર્ટિશન મૂકીને એક સેપરેટ એરિયા પૂજાસ્થાન માટે સજાવી શકાય. લીલો અને પીળો રંગ વાસ્તુશાસ્ત્ર પ્રમાણે પૂજારૂમ માટે શ્રેષ્ઠ રહે છે. તમે સોનેરી પીળા રંગમાં મેટલ કટવર્ક ડિઝાઈન કરી શકો છો અથવા દીવાલોને લીલી ટાઈલ્સથી કવર પણ કરી શકો છો; બંને અદ્ભુત લાગે છે. તે પૂજારૂમને ઉઠાવ અને નવું પરિમાણ આપશે.

## દક્ષિણ ભારતીય મોડર્ન પૂજારૂમ ડિઝાઈન

દક્ષિણ ભારતીય મંદિરોમાં સામાન્ય રીતે જોવા મળતી લાકડાની કોતરણી અને પિત્તળની વસ્તુઓનો ઉપયોગ કરી શકાય. ભારે લાકડાના પ્રવેશદ્વાર સાથેનો અલગ ઓરડો પ્રભાવશાળી લાગે છે. પિત્તળ અને આરસપહાણની બનેલી મૂર્તિઓ અને દીવાલો પર સરસ રીતે લટકાવેલા ફોટાઓ તે સ્થાનને સુવ્યવસ્થિત લૂક આપે છે. જાળીવાળા લાકડાના ભવ્ય ફ્લોર ટુ સીલીંગ મંદિર ફ્રેમ સેટ અને તેની પાછળના ભાગમાં કોવ લાઈટનીંગ દૈવી વાતાવરણ ઊભું કરવામાં મદદ કરે છે.

## પૌરાણિક કથાઓ કહેતી આધુનિક સીલીંગ

ભારતના મોટા ભાગનાં મંદિરોની છત પૌરાણિક કથાઓ દર્શાવતી જટિલ ડિઝાઈનવાળી અથવા સુંદર ચિત્રોવાળી ભવ્ય હોય છે. તમારા ઘરના મંદિરમાં પણ POP અથવા લાકડાનો ઉપયોગ કરીને આવી છત બનાવી શકાય છે. દીવાલો અને છતને ક્રાઉન મોલ્ડ આપીને અને મધ્યમાં ફોકલ લાઈટનીંગ મૂકીને મંદિરને દૈવી અને આકર્ષક લુક આપી શકાય છે.

## વૉલ યુનિટ સાથેનું પૂજાસ્થાન

જો જગ્યાનો અભાવ હોય તો પૂજા માટેનો અલગ રૂમ બનાવવો મુશ્કેલ બની જાય છે પરંતુ તમારા



ઘરના ડાઈનિંગ રૂમ કે લીવીંગ રૂમમાં પૂજાસ્થાન માટે એક વોલ યુનિટ મૂકી શકાય. આ વોલ યુનિટ બૂક શેલ્ફનું પણ કામ કરશે અને તેમાં પૂજાનો અન્ય સામાન મૂકવા માટે ડ્રોઅર્સ પણ હોય છે.

## માર્બલ ડિઝાઈનવાળો મોડર્ન પૂજારૂમ

વર્ષોથી પૂજાસ્થાન બનાવવા માટે માર્બલ સૌથી વધુ લોકપ્રિય રહ્યું છે. તે ચોક્કસપણે શાંતિ અને ભવ્યતાનું વાતાવરણ ઊભું કરવામાં મદદ કરે છે પરંતુ માર્બલનું પૂજાસ્થાન બનાવવું એક ખર્ચાળ વિકલ્પ છે. જો તમારી પાસે સગવડ હોય તો જટિલ કોતરણીવાળો અને થાંભલાઓવાળો સંપૂર્ણ માર્બલનો પૂજારૂમ બનાવી શકાય. તે ક્લાસિક લુક આપે છે પરંતુ જો તમે ઓછા ખર્ચમાં બનાવવા માંગતાં હો તો માર્બલ કટ આઉટને લાકડાની પ્લાય સાથે જોડીને અને સ્ટેટમેન્ટ લાઈટ મૂકીને પૂજારૂમ બનવી શકાય. નાના પૂજારૂમ માટે માર્બલનો ઉપયોગ શ્રેષ્ઠ રહે છે કારણ કે તે વધારે સ્પેસનો આભાસ કરાવે છે.